# એક સ્ત્રીએ પ્રભુના પગ ધોયા

બાળકો ભજન કરતા શીખે

બાળકોની ઉંમર અને જરૂરિયાતોને અનુરૂપ પ્રવૃત્તિઓ પસંદ કરો.



**(એક ચિત્ર બાળકો દોરે અથવા રંગ પૂરે)**

એક શિક્ષક અથવા સિનિયર વિદ્યાર્થી લુક ૭ :૩૬ - ૫૦ વાચે અથવા એક સ્ત્રીએ પોતાના આંસુઓથી પ્રભુના પગ લુછયા તે વાર્તા કહી સંભળાવે. આમ કરવા દ્વારા આ સ્ત્રી આપણને શિખવે છે કે આપણે આપું સર્વશ્રેષ્ઠ પ્રભુને આવું જોઈએ અને પૂરા હૃદયથી પ્રભુ પર પ્રેમ કરવો જોઈએ.

આ પ્રશ્ન **પૂછો** (પ્રશ્નો સાથે જવાબો આપેલા છે)

- ક્યા પ્રકારની સ્ત્રી ઈસુને મળવા આવી ? (લુક ૭ :૩૭ જુઓ)
- તે સ્ત્રીએ પ્રભુ પ્રત્યે પોતાનો પ્રેમ કેવી રીતે દેખાડયો ? (લુક ૭ :૩૮ જુઓ)
- તે સ્ત્રી સાથે કેવા પ્રકારનું વર્તન કરવું જોઈએ તેવું ફરોશીઓએ ઈચ્છયું ? (તેને ધિક્કારો અને કાઢી મૂકો લુક. ૭ :૩૯)
- ઈસુ પર કોણ વધારે પ્રેમ રાખે છે - ફરોશી કે સ્ત્રી ? (લુક ૭ :૪૦ -૪૩)
- તે સ્ત્રી માટે ઈસુએ શું કર્યું (લુક. ૭ :૪૮)

આ ભજન કરનાર સ્ત્રીની વાર્તાના ભાગોના સંવાદો બનાવો (લુક ૭ માંથી ) સભાના આગેવાન સાથે ભજનના સમયે આ નાટક રજુ કરવાનું ગોઠવો. આ નાટક સારી રીતે રજુ કરવાના કાર્યમાં તમે જાતે રસ લો. બધા ભાગ કેવળ બાળકોએ ભજવવાના નથી. જો નાટક કરવામાં પૂરતા માણસો ન મળે તો વર્ણન કરનારે તે માણસ વતી બોલીને રજુઆત કરવી.

- બીજા બાળકો અને મોટાઓ ઈસુ અને વર્ણન કરનારના પાત્રો ભજવે.
- મોટા છોકરાઓ સીમોન, ફરોશીઓ અને સ્ત્રી કે જેની પાસે અત્તરની શીશી છે તેમના પાત્રો ભજવે. (કે તેવો દેખાવ કરે)

**વર્ણન કરનાર** : લુક ૭ : ૩૬-૩૯ વાર્તાનો પ્રથમ ભાગ કહી સંભળાવે. તે કહે, 'સિમોન શું કહે છે તે સાંભળો.'

**સિમોન** : "ઓ ઈસુ, તમે અમારા ઘેર જમવા આવ્યા માટે મને બહુ આનંદ છે. આવો, બેસા"' (ઈસુ, સિમોન અને ફરોશીઓ બેસે છે)

**ફરોશીઓ** : એક" ઈસુ બહુ મહત્વના નથી."

બીજો "'સિમોને તેને મળીને ચુંબન કર્યું નથી."

ત્રીજો ''તેણે ઈસુના પગ પણ ધોયા નથી.''

ચોથો ''તેણે તેના પર અત્તર છાંટયુ નથી.''

**સ્ત્રી** : ઈસુ પાસે જાય છે અને ઘુંટણ ટેકવીને રડે છે. તે તેના પગ પર અત્તર રેડે છે. (એવો દેખાવ કરવો) અને પોતાના વાળ વડે તે લૂછે.

**ફરોશીઓ** : ''કેવી સરસ સુગંધ

અત્તર ઘણું મોંઘું છે.

પૈસાનો કેવો બગાડ!''

**સિમોન** : ''હે ઈસુ, મારું સાંભળો. આ સ્ત્રી ભ્રષ્ટ જીવન જીવી છે. તમારે તેને તમને અડકવા પણ ના દેવી જોઈએ. તેને કાઢી મૂકો''

**ઉદ્‌ઘોષક** : લુક ૭ :૪૦-૪૭ માંથી વાર્તાનો બીજો ભાગ કહી સંભળાવે. તે કહે, ''ઈસુ શું કહે છે તે સાંભળો'

**ઈસુ બોલે છે** : ''સીમોન, બે માણસોએ પૈસા ઉછીના લીધા એકે ઓછા લીધા જ્યારે બીજાએ ઘણા વધારે લીધા. બેમાંથી એક પણ પૈસા પાછા આપી શક્યો નહિ. તેથી ઉછીના આપનારે બંન્ને માફ કર્યા. તેણે પોતાના પૈસા જતા કર્યા. તો પૈસા ઉછીના આપનાર ઉપર પેલા બંન્નેમાંથી કોણ વધારે પ્રેમ રાખશે ?''

**સીમોન** : ''જેણે ઘણા પૈસા ઉછીના લીધા તે. ''

**ઈસુ** : ''બરાબર છે. હું તારા ઘેર આવ્યો પણ તેં મને બહુ પ્રેમ દેખાડ્યો નહિ. જ્યારે આ સ્ત્રીએ બહુ જ પ્રેમ દેખાડયો છે.''

**ઉદ્‌ઘોષક** : લુક.૭:૪૮-૫૦માંથી વાર્તાનો ત્રીજો ભાગ કહી સંભળાવો. પછી કહો 'ઈસુ શું કહે છે તે સાંભળો'

**ઈસુ** : ''હે બાઈ, હું તારા પાપ માફ કરૂં છું.''

**ફરોશીઓ (ગુસ્સાથી)** : ''આ માણસ પાપ માફ કઈ રીતે કરી શકે ?''

**ઈસુ** : ''બાઈ, તારા વિશ્વાસે તને બચાવી છે શાંતિએ જા.''

**ઉદ્‌ઘોષક અથવા સિનિયર વિદ્યાર્થી :**

નાટકમાં મદદ કરનાર સર્વનો અમે આભાર માનીએ છીએ. જો બાળકોએ મોટાઓ માટે આ વાર્તાનું નાટકની રીતે નિદર્શન કર્યું હોય તો તેઓને પ્રશ્નો પણ પૂછવા દો.



બાળકોને અત્તરની બાટલીનું **ચિત્ર દોરવાનું** કહો. મોટા બાળકો આમાં નાનાઓને મદદરૂપ થાય. ભજનસેવા સમયે તેઓ પોતાના ચિત્રો સભામાં બતાવે જે પરથી લોકોને સંદેશો મળે કે આ અત્તરની સુવાસ તો આપણા સર્વસ્વથી આપણે પ્રભુનું ભજન કરવું જોઈે તે બતાવે છે. આપણે આપણા પૂરા હૃદયથી પ્રભુનું ભજન કરીએ.

બાળકોને પૂછો.-પ્રભુઈસુ ને આપણે આપણો પ્રેમ દેખાડી શકીએ તે માટેની રીતો કઇ કઈ છે?(બાળકાને દાખલા આપીને સમજાવો) રૂમી ૧૨:૧ **મોઢે કરાવો.**

ગી.શા. ૧૫૦:૧-૬માંથી બે બે કલમો કોઈપણ ત્રણ બાળકો મોઢે બોલે.

મોટા બાળકો ઈસુ પ્રત્યેનો પોતાના પ્રેમ બાબતે નાનું ગીત બનાવે. આ કામ અઠવાડિયા દરમ્યાન પણ કરી શકે.

દેવની સ્તુતિ આરાધના **ગીત ગાઈ**ને કરો.

**પ્રાર્થના** : વ્હાલાં પ્રભુ, તમે અમારા હૃદયમાં તમારા પ્રત્યેનો ખૂબ પ્રેમ મૂક્યો છે. અમે જુદી જુદી રીતે તે પ્રેમ તમને બતાવીએ તેમ થવા દો. અમે તમારી સ્તુતિ કરીએ છીએ. અમે તમારી સેવા કરવા માંગીએ છીએ. તમે અમારા પાપ માફ કર્યા છે અને અમને તમારા સંતાન બનાવ્યા છે માટે અમે તમારો આભાર માનીએ છીએ.